# ક્વૉલિટી એશ્યોરન્સ એન્જિનિયર

ક્વૉલિટી એશ્યોરન્સ એન્જિનિયર કંપની દ્વારા વિકસિત તમામ ઉત્પાદનો અને સેવાઓના પરીક્ષણ માટેનું આયોજન તેમજ તેનો અમલ કરવા માટે જવાબદાર છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજી (આઈ.ટી.)માં, એશ્યોરન્સ એન્જિનિયર ઉત્પાદન અથવા પ્રોગ્રામને બજારમાં મુકતા પહેલા બગ્સ (અથવા ભૂલો) શોધે છે અને તેને સુધારે છે તથા જરૂરી જણાય ત્યારે સમસ્યાઓ સુધારવા માટે ડેવલપર્સ સાથે કામ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે કમ્પ્યુટર પર સહજ રીતે કામ કરી શકો છો
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો
- તમે કામ કરતી વખતે વિગતો પર ધ્યાન આપો છો
- તમે ટીમ સાથે મળીને કામ કરી શકો છો




ફી

આ કોર્સ માટેની ફી આશરે હોય શકે છે
**રૂ. ૪૫,૦૦૦ થી ૧૦,૦૦,૦૦૦*.**

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત)

૨. કમ્પ્યુટર સાયન્સ/ઈન્ફોર્મેશન સિસ્ટમમાં સ્નાતક (B.Tech/BSc/BCA)ની ડિગ્રી મેળવો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન ક્ષેત્રમાં અનુસ્નાતક ( M.Tech / MSc / MCA)ની ડિગ્રી પ્રાપ્ત કરો. **અથવા**

ઈન્ફોર્મેશન સિસ્ટમમાં સ્નાતકોત્તર ડિપ્લોમાં (PGDM) કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ક્વૉલિટી એશ્યોરન્સ એન્જિનિયરનું અંદાજીત માસિક વેતન રૂ. ૧૬,૧૬૭ થી ૮૩,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Quality_Assurance_(QA)_Engineer/Salary

NCS Code: 2519.0301, CCode: IT001

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ઓટોમોટિવ, તબીબી ઉપકરણો અને ખાદ્ય/પીણા સહિતના ઉદ્યોગો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** કામનો સમય સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ પ્રતિ દિવસ ૮ થી ૯ કલાકનો હોય છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોય છે.

**ઉદ્યોગ સાહસિકતા:** આ ક્ષેત્રમાં તમે ફ્રીલાન્સિંગ કરી શકો છો.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

ક્વૉલિટી એશ્યોરન્સ એન્જિનિયર → સિનિયર ક્વૉલિટી એશ્યોરન્સ એનાલિસ્ટ/ એન્જિનિયર → ક્વૉલિટી એશ્યોરન્સ લીડ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ક્વૉલિટી એશ્યોરન્સ મેનેજર, ક્વૉલિટી એશ્યોરન્સ, ક્વૉલિટી એશ્યોરન્સ એનાલિસ્ટ.

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ કમ્પ્યુટર સાયન્સ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. એમ.એસ.યુ., વડોદરા
૨. અય્યા નાદર જાનકી અમ્મલ કોલેજ, તમિલનાડુ
૩. આત્મારામ સનાતન ધર્મ કોલેજ, નવી દિલ્હી
૪. જી.ટી.યુ., અમદાવાદ
૫. ભાસ્કરાચાર્ય કોલેજ ઓફ એપ્લાઇડ સાયન્સ, નવી દિલ્હી
૬. કોલેજ ઓફ એપ્લાઇડ સાયન્સ (આઈ.એચ.આર.ડી.), કેરળ
૭. ગવર્મેન્ટ એન્જિનિયરીંગ કોલેજ, બિકાનેર
૮. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૨. એ.ડી. પટેલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, ગુજરાત
૩. ઓલ ઈન્ડિયા ઇન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, ચેન્નાઈ
૪. એક્રોપોલિસ ઇન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ એન્ડ રિસર્ચ, ઇન્દોર
૫. આચાર્ય પ્રફુલ્લ ચંદ્ર કોલેજ, કોલકાતા
૬. બેંગલોર સિટી કોલેજ, બેંગલુરૂ
૭. બાપટલા એન્જિનિયરીંગ કોલેજ, આંધ્રપ્રદેશ
૮. નીરમા યુનિવર્સિટી, અમદાવાદ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઇન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL * સ્વયમ: https://onlinecourses.nptel.ac.in/noc20_mg18/preview

- www.skillindiadigital.gov.in
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**પ્રિયા પી. કુલકર્ણી** અમેરિકન એક્સપ્રેસમાં ક્વૉલિટી એન્જિનિયર છે. તેણીએ વિજયનગર એન્જિનિયરીંગ કોલેજમાંથી ઈલેક્ટ્રીકલ, ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન એન્જિનિયરીંગમાં સ્નાતકની પદવી મેળવી છે, ત્યારબાદ તેઓ અમન પી.યુ. કોલેજમાંથી પી.સી.એમ.સી.એસ.માં સ્નાતક થયા છે. તેણીએ બ્રોડ્રિજ ફાઇનાન્શિયલ સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ અને આઇ.બી.એમ. ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ જેવી કંપનીઓમાં કામ કર્યું છે*

સ્રોત: sripriyapkulkarni.com/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.